ક્રમાંક:રપબ/ટાટ/૨૦૧૯/ ૪૦૫૭
રાજ્ય પરીક્ષા બોર્ડ,
સરકારી પુસ્તકાલય પાસે
સેકટર-૨૧, ગાંધીનગર
તારીખ:૦૯/૧૨/૨૦૧૯

પ્રતિ,
માન. સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી
માધ્યમિક, શાળાઓની કચેરી
બ્લોક નં૯/૧, જુના સચિવાલય
ગાંધીનગર

વિષય: બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં તેમજ સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ભરતી માટે ટાટ પરીક્ષા બાબત.

સંદર્ભ : ૧. આપનો પત્રક્રમાંક:અનદ-૧/ઘ/માધ્ય/૨૦૧૯/૩૪૩૦૧., તા:૦૫/૧૨/૨૦૧૯.
૨. શિ.વિ.નો ઠરાવ ક્રમાંક:બમશ/૧૧૧૭/૭૭૩/ગ, તા:૨૦/૦૫/૨૦૧૭
૩. શિ.વિ.નો ઠરાવ ક્રમાંક:બમશ/૧૧૧૬/૧૨/છ, તા:૦૮/૦૬/૨૦૧૮.
૪. રા.પ.બોર્ડના જાહેરનામા ક્રમાંક:રાપબો/TAT (S)/૨૦૧૮/૨૯૧૫-૬૦, તા:૧૧/૦૬/૨૦૧૮
૫. રા.પ.બોર્ડના જાહેરનામા ક્રમાંક:રાપબો/TAT (HS)/૨૦૧૮/૩૦૪૯-૯૫, તા:૨૦/૦૬/૨૦૧૮

માન. સાહેબશ્રી,

ઉપરોક્ત વિષય અને આપના સંદર્ભ-૧ ના પત્રથી માંગવામાં આવેલ સ્પષ્ટતા બાબતે નીચેની વિગતો વિદિત થવા વિનંતી છે.

સંદર્ભ-૨ ના શિ.વિ.ના ઠરાવ અન્વયે રજીસ્ટર થયેલી ખાનગી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં તેમજ સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શિક્ષક અભિરૂચિ કસોટી ઉત્તીર્ણ કરવાની જોગવાઇ કરવામાં આવેલ છે. તદઉપરાંત, શિક્ષક અભિરૂચિ કસોટીનું આયોજન રાજ્ય પરીક્ષા બોર્ડને સોંપવામાં આવેલ છે.

ઉક્ત ઠરાવના નિયમ નં.૧.૧ ના પેટા નિયમ ૧.૧.૨ માં રજીસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળાઓમાં અને સરકારી માધ્યમિક શાળાઓમાં તેમજ ઠરાવના નિયમ ૧.૨ ના પેટા નિયમ ૧.૨.૨ અન્વયે રજીસ્ટર થયેલી ખાનગી ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં અને સરકારી ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં સંબંધિત વિષયના શિક્ષક તરીકે ઉમેદવારી કરવા માટે રાજ્ય સરકાર દ્વારા નક્કી થયેલ અને તેમાં વખતોવખત થતા સુધારાવધારા સાથેની શૈક્ષણિક અને તાલીમી લાયકાત ધરાવતા ઉમેદવારો જ આ શિક્ષક અભિરૂચિ કસોટીઓ માટે ઉપસ્થિત થઇ શકશે તેમ જણાવેલ છે.

સંદર્ભ-૩ ના શિ.વિ.ના ઠરાવથી રાજ્ય સરકાર દ્વારા નક્કી થયેલ અને તેમાં વખતોવખત થતા સુધારાવધારા સાથેની શૈક્ષણિક અને તાલીમી લાયકાત નક્કી કરવામાં આવતા રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા સંદર્ભ-૪ જાહેરનામાથી શિક્ષક અભિરૂચિ કસોટી (માધ્યમિક) અને સંદર્ભ-૫ જાહેરનામાથી શિક્ષક અભિરૂચિ કસોટી (ઉચ્ચત્તર માધ્યમિક)નું આયોજન કરવામાં આવેલ.

Scanned by CamScanner

ઉક્ત બંન્ને જાહેરનામા જૂન-૨૦૧૮ માં પ્રસિદ્ધ કરવામાં આવેલ. આ સમયગાળા દરમિયાન રાજ્યની યુનિવર્સિટી/બોર્ડ દ્વારા યોજવામાં આવેલ પરીક્ષાઓ પૈકી કેટલીક પરીક્ષાઓના પરીણામ પ્રસિદ્ધ ન થયા હોવાની બાબત સંભવિત હતી. આ સ્થિતિમાં શિક્ષક અભિરૂચિ કસોટી માટેની નિયત લાયકાતની પરીક્ષા આપી દીધી હોવા છતા માત્ર પરીણામ મોડું આવવાના કારણે કોઇ ઉમેદવાર કસોટી આપવાથી વંચિત ના રહે તે બાબતને ધ્યાનમાં રાખી બોર્ડ દ્વારા સંદર્ભ-૪ અને ૫ ના જાહેરનામાઓમાં નીચે મુજબની જોગવાઇ કરવામાં આવેલ હતી.

"જે ઉમેદવારો આ કસોટી માટે નિયત થયેલ શૈક્ષણિક અને વ્યવસાયિક લાયકાતના કોઇ એક અભ્યાસક્રમના છેલ્લા વર્ષ કે સેમેસ્ટરની પરીક્ષા આપેલ હોય પરંતુ પરીણામ પ્રસિદ્ધ થયેલ ન હોય તેવા ઉમેદવારો પણ આ જાહેરાતના અનુસંધાને આવેદનપત્ર ભરી શકશે. આવા ઉમેદવારોની આ પરીક્ષાની અરજી અને આ પરીક્ષાનું પરીણામ તેઓની છેલ્લા વર્ષ કે સેમેસ્ટરની પરીક્ષાના પરીણામને આધિન રહેશે."

આમ, ઉક્ત જોગવાઇમાં સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવેલ છે કે આવેદનપત્ર ભરવાના સમયગાળા દરમિયાન ઉમેદવારે નિયત લાયકાતના છેલ્લા વર્ષ કે સેમેસ્ટરની પરીક્ષા આપી હોય પરંતુ પરીણામ પ્રસિદ્ધ થયેલ ન હોય તેવા ઉમેદવારો જ જે તે કસોટી માટેના આવેદનપત્ર ભરી શકે.

આપના પત્રમાં કરવામાં આવેલ ઉલ્લેખ મુજબ પત્ર સાથે સામેલ યાદીમાં સમાવિષ્ટ માધ્યમિક વિભાગના ઉમેદવારોએ ટાટ પરીક્ષા બાદ બી.એડ.ની લાયકાત તથા ઉચ્ચત્તર માધ્યમિક વિભાગના ઉમેદવારોએ ટાટ પરીક્ષા બાદ શૈક્ષણિક અનુસ્નાતક/બી.એડ.ની લાયકાતની લાયકાત મેળવેલ છે.

બોર્ડના સંદર્ભ-૪ અને ૫ ના જાહેરનામાઓમાં મુજબ, "શૈક્ષણિક અને તાલીમી લાયકાતની વિગતોની ચકાસણી ભરતી પસંદગી સમિતિ દ્વારા કરવામાં આવશે અને આ અંગે ભરતી પસંદગી સમિતિનો નિર્ણય જ અંતિમ રહેશે"

આમ, ભરતી પસંદગી સમિતિ દ્વારા આવા ઉમેદવારોની શૈક્ષણિક અને વ્યવસાયિક લાયકાતના પ્રમાણપત્રોની ચકાસણી કર્યા બાદ માધ્યમિક વિભાગના ઉમેદવારોએ ટાટ પરીક્ષા બાદ બી.એડ.ની લાયકાત તથા ઉચ્ચત્તર માધ્યમિક વિભાગના ઉમેદવારોએ ટાટ પરીક્ષા બાદ શૈક્ષણિક અનુસ્નાતક/બી.એડ.ની લાયકાત મેળવેલ હોવાની બાબત માલુમ પડે તો તે ઉમેદવારોની ટાટ પરીક્ષાની લાયકાત ગ્રાહ્ય રાખી શકાય નહિ.

આભાર સહ,

સચિવ
રાજ્ય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

બિડાણ: સંદર્ભ-૪ અને ૫ ના જાહેરનામા

Scanned by CamScanner